IV/1922 9-12-1922

શ્રી ગુર્જર ગરબાવળી.

Reg. No. 217

107

પુ. ૨૧ મુ.

ૐ

શ્રી ગુર્જર-ગરબાવળી.

છપાવી પ્રસિદ્ધ કરનાર
નડીઆદ નિવાસી,
બાઈ મણિલક્ષ્મી શાહ ચુનીલાલ પુરૂષોત્તમ-
દાસની વિધવા-ભાર્યા.
રહેવાસી હાલ મુંબઇની.

દોહરો.

દયા ક્ષમા દ્રઢ ધિરજને, શાન્તિ સત્ય વિચાર;
સ્વરાજ્ય સુખ સાધન સબળ, આચરિએ આચાર.

રચનાર,

ગાંધી ભાઇચંદ ગોવર્ધનદાસ.

ઠે. ગાંધી પોળ–નડીઆદના.

આવૃત્તિ ૧ લી. પ્રત ૧૦૦૦.

સંવત ૧૯૭૮ સને ૧૯૨૨

કીંમત અમુલ્ય.

શ્રી લક્ષ્મીવિજય પ્રીં. પ્રેસ (બ્રાન્ચ) રતનપોળ નગરશેઠની
મારકીટમાં દેસાઇ રાયચંદ છગનલાલે છાપી–અમદાવાદ.

શ્રી ગુર્જર ગરબાવળી.

ગરબી ૧.

કાંતોને સૈયર સૌ સ્નેહે રેંટીયો,
દેશોદયનો દિસે સૂર્ય સમાનજો;
શિતળતા શાંતિ તે શશિ સમ આપતો,
મહિમા મોટો જેનું મહિમાં માનજો. કાંતો. ૧
બાળક કેરી રમત રૂડી એ રેંટીયો,
શિખવે શિશુને સુત્ર તણો મહિમાયજો;
જુવાન જનને આશ્રય અનુપમ આપતો,
વૃદ્ધ જનોનો વિશ્વ વિષે વિશ્રામજો. કાંતો. ૨
સમતા શુભ ગુણ શિખવે સાધૂ સંતને,
વૈરાગીને આપે તત્વ વિચારજો;
સંન્યાસીને સત્ય સુધા સમ બોધતો,
સંસારીનો છે સંસારે સારજો કાંતો. ૩
ગુણનિધી ગરવો ગુરૂ રૂપ રાજે રેંટીયો,
કોટિક જનનું કરતો એ કલ્યાણજો;
ફરતો તે તરતો ને પોતે તારતો,
સમજો તો માનો સખિ સાચી વાણજો. કાંતો. ૪

દંપતિને સુખ સંપતિ હરનિશ આપતો,
રોગી જનને ઔષધ રૂપ ઉપચારજો;
સાધન શસ્ત્ર સબળ એ શાસ્ત્ર આપણું,
સત્યાગ્રહનો શૂરો એ સરદારજો. કાંતો. ૫
સર્વાધાર સુખદ પ્રભૂ સમ એ પોષતો,
ઉંચ નીચ સરવેનાં ઢાંકે અંગજો;
ભેદ ભાવ નવ રાખે ભવમાં ભાળતાં,
શિક્ષણ આપે ઘર બેઠાં સત સંગજો. કાંતો. ૬
ભાગ્ય ભુવનનો સ્વામી સુખકર રેંટીયો,
સ્વતંત્રતાનો મંત્ર મહા મૂલવાનજો;
રિદ્ધિને સિદ્ધિ સૌ એમાં શોભિતી,
મણિ–ચાહે ચિતમાં નિત કરી ગુણ ગાનજો. કાંતો. ૭

ગરબી ૨.

ભારતનું હિત ચાહો ચતુરા ચિત્તથી,
આ–ભારતના હિતમાં હિત સૌનું હોયજો;
ભારતનું ભાવી છે ભગિની હાથમાં,
બાળપણામાં દે બાળકને બોધજો. ભારત. ૧
કુંમળું ઝાડ નમાવે તે રીતે નમે,
વૃદ્ધ થએ ના વાળ્યું તેહ વળાયજો;
ત્યમ બાળકના હ્રદય કમળપર પ્રેમથી,
જેવા પૂરે તેવા રંગ પૂરાયજો ભારત. ૨

વિદ્યા વિનય વિચાર તણાં બી વાવવાં,
દયા ધર્મને સ્વતંત્રતાની સાનજો;
માત પિતા ગુરૂ જનની સેવા આદરે,
સ્વદેશની સેવાનું આપો જ્ઞાનજો. ભારત. ૩
સત્યાગ્રહિનું શિક્ષણ શિશુને શિખવો,
તત્વ તર્કને અર્થ શાસ્ત્રનાં અંગજો;
ચારિત્ર કેરાં ચિત્રો ચિતરો ચિત્તમાં,
ભારત-મણિ ભૂમિ બહલાશે રંગજો. ભારત. ૪

ગરબી ૩.

સૈયર પ્હેરોની સૈ ખાદી અંગે સ્નેહથીરે,
સુંદિર શોભિતી છે સુખકર પુર્ણ પવિત્ર;
તના તેજ થકી અજ્ઞાન તિમિર અળગું થયુંરે,
દશ દિશ વ્યાપી કિર્તિ જેની ચિત્ર વિચિત્ર,
ખાદી ખાંતે ખલકે ખેલે ખૂબ આનંદમાંરે.
સાખી-ખાંતે ખલકે ખેલતી, ભગવતિ ગુણ ભંડાર;
ઉર આપે આનંદ એ વંદ્દ વારંવાર.
દેશોદયમાં દિસે દેવી સમ એ દિપતીરે,
કરશે વ્હેમ કુધારા કેરૂ તે ખંડન;
ભરશે ભાવ થકી ભૂતળપર ભારે સંપતિરે,
હરનિશ કરશે એતો સત્ય તણું મંડન.-ખાદી. ૧
સાખી-મંડન કરશે સત્યનું સાથી સૂતર સંપ;
કાઢે કલેશ કુસંપને સંપ વસે ત્યાં જંપ.

ચિંતામણી સમ ચારૂ ચમકે ખાદી દેશમાંરે,
ઘર ઘર હરતી ફરતી ગોરી ગુણલાં ગાય;
ધન ધન કહેતી ને લેતી તુજપર ઓવારણાંરે,
દિર્ઘાયુશ ભોગવજે આપે એ આશિષ.—ખાદી. ૨
સાખી–હતી તણાતી બાપડી, મોહપુરે લાચાર;
મોહન મળિયો મલપતો, કરગ્રહિ કાઢી બ્હાર.
મોહપુરેથી ખેંચી ખાદી કાઢી બારણેરે,
આશ્રય ઔષધ આપી કિધૂ શુભ સનમાન;
શાંતિ આપીને સૂવાડી પ્રિતે પારણેરે,
હેતે હૂલાવીને કરતો નિત ગુણગાન—ખાદી. ૩
સાખી–હતી દુરદશા તાહરી, પામી સતિ સતસંગ,
અજર અમર અવનિ વિષે, નૌતમ નિપની નંગ.
ઉત્તમ પદ્ધિ દિન પ્રતિદિને પ્રભૂતા પામતીરે,
ખાદી નગર વસાવ્યું સાબ્રમતીને તીર;
હૈયે હરખે નિરખે સૌ જન પુંજે પ્રેમથીરે,
મણિ–માને છે મનથી ભવની ભાગે ભીંડ.—ખાદી. ૪

ગરબી ૪.

રાગ–(ગીરીધારી રે વાત કહૂં તે વિચારો).

સુણ સજની રે, શિખામણ કહું સારી;
તમે જોજો જરૂર વિચારી.—ટેક
ભારતની રે, ભાગ્ય દશા પરવારી;
કરે રૂદન માત બિચારી.
ઝુલણ–દયા દિલમાં તેની ધારી રે,

કરો શેવા સત્ય સ્વિકારીરે;
થાજો ભારતને ઉપકારીરે,
સખી સમજોરે, સમય તણી બલિહારી -તમે જોજો. ૧

બ્રાહ્મણની રે, સત્તા પણ પરવારી,
ક્ષત્રી બળ હીણુ લાચારી;
ખેડુતની રે, થઇ છે ખુબ ખુવારી,
દિન દશા દિવસ દુઃખકારી.

ઝુલણ—થયા વણુજ વિનાના વેપારીરે, ભારતમાં વધિયા ભિખારીરે;
બધો દેશ બન્યો બિમારી રે,
સુખ ત્યાગો રે, સ્વદેશ હિત નરનારી.-તમે જોજો. ૨

ફેશનની રે, ફેંાગટ શી! ફિસીઆરી,
તન મન ધનને હરનારી;
સત્યાગ્રહ રે, શસ્ત્ર સબળ ભયહારી,
દ્રઢ ધિરજ ઢાલ તમારી,
જગ જીત્યું રે, સ્વદેશ હિત જયકારી.-તમે જોજો. ૩

પણ કરજોરે, પળ પળ પ્રેમ પ્રસારી,
પ્રાણુની બની બિન દરકારી,
સહી લેજોરે, સંકટ ધિરજ ધારી,
નિજ ચારિત્ર દેજો ચિતારી.

ઝુલ–બળ આત્મ સંયમનું વધારીરે,
હમો હિંદ માતાને હિતકારીરે;
સ્હાય કરશે શ્રી ગિરિધારીરે,
મણિ–મળશેરે, સ્વરાજ્ય શુભ સુખકારી. તમે. ૪

ગરબી ૫.

સખિ મળીને પાંચ પચીસ, કાંતો રૂડો રેંટુડો;
ભાવે ભજીલ્યો શ્રી જગદિશ, કાંતો રૂડો રેંટુડો. ટેક.
ખટ ચક્કર ખટ આરા જેમાં, તન રેંટુડો કાંતોરે;
ઓહં સોહં માળ શ્વાસથી, ફરતો રૂડો આંટો. કાંતો. ૧
ત્રિગુણ ત્રાક તરવેણી સંગમ, નિકળે તાર અખંડિતરે;
જોગી જંગમ જન સૌ કાંતો, કવિ કોવિદ ને પંડિત. કાંતો. ૨
સૂર્ય ચંદ્ર ગ્રહ નવલખ તારા, તે પણ નિત્યે કાંતેરે;
કાંત્યામાં કલ્યાણ સરવનું, માટે કાંતો ખાંતે. કાંતો. ૩
સ્વદેશ સેવા એ પ્રભૂ સેવા, જેમાં ઝાઝી જુક્તિરે;
અનુભવી જન અંતરમાં જાણે, કાંત્યામાં છે મુક્તિ. કાંતો. ૪
સ્વારથને પરમારથ જેમાં, દયા ધરમને શાંતિરે;
સત્ય શિયળ સંતોષ સદા સુખ, કાંતે ભાગે ભ્રાંતિ. કાંતો. ૫
માન મમત મદ મિથ્યા માની, મોહ તજો તમે મનથીરે;
હરતાં ફરતાં સરવે કાંતો, આળસ તજીને તનથી. કાંતો. ૬
તાર ન તુટે સૂતર કેરો, સુરતા સ્નેહે રાખોરે;
મણિ–કહે સૂતર એ રસ્તો, સ્વરાજ્ય શુભ ફળ ચાખો. કાંતો. ૭

ગરબી ૬.

તમે–મુકીને મનની પ્રમાદીરે,
બ્હેની બ્હેરોની ખાદી;
ખાદી પ્હેરે તે શાહુજાદીરે,
બ્હેની બ્હેરોની ખાદી.—ટેક.

ખાદી તે આદિ અનાદિ આ દેશે;
દેશની કરતી આબાદીરે— બ્હેની. ૧
વિધ વિધ વસ્ત્ર વધારે કૈં વ્યાધી,
ખાદી હરે તન બાદીરે.— બ્હેની. ૨
ખાદી વિના બીજાં વસ્ત્ર ઉપાધી;
ખાદી સ્વરૂપમાં સાદીરે. બ્હેની. ૩
શાસ્ત્ર સકળનું છે સુત્ર સૂતરમાં;
ખાદી વગર બરબાદીરે. બ્હેની. ૪
સૂતરમાં સૂતર છે એ રસ્તો;
ખાદી પ્રભૂની પ્રસાદીરે. બ્હેની. ૫
ખાદી તે ખલક તણી મહા દેવી;
ખાદી તે દેશની દાદીરે. બ્હેની. ૬
મણિ–માને મનમાં નિત નેહે;
ખાદી સ્વરાજ્યની ગાદીરે. બ્હેની. ૭

ગરબી ૭.

આવોને રમવા આજ, સૈયર આવોને રે;
હિંદને મળવા સ્વરાજ્ય, રમવા આવોનેરે. ટેક.

સાખી–રમવા આવો રંગમાં, સૈયર મળી સૌ સાથ;
વંદેમાતરમ્ વદિ મુખે, તમે તાળી ઝીલો બે હાથ. રમવા. ૧
ભરતખંડ ભૂમિ વિષે, ગુણનિધિ આ ગુજરાત;
ચાચર ચોક ચિત્તે ધરી, પ્રેમે ગરબા ગાઓ દિનરાત. રમવા. ૨
મંત્ર ભણો સૌ મુખ થકી, સ્વરાજ્યનો સુખકાજ;
સ્વદેશ સેવા કારણે, તમે મૂકોને મનથી લાજ. રમવા. ૩
સંપ સજો સખિ સ્નેહથી, કરોને સુખનો ત્યાગ;
ફેસનની ફિસીઆરીમાં, તમે મૂકોને મોટી આગ રમવા. ૪
સાદાં કપડાં પહેરવાં, સાદો સૌ આચાર;
સાદાં શાહજાદાં સદા, એ કહેવતનો લ્યો વિચાર. રમવા. ૫
રોમ રોમ પ્રગટાવજો, સતિ તણું જે શૂર;
સહન કરી સંકટ સરવ, તમે રાખજો દેશનું નૂર. રમવા. ૬
રહે સરસ્વતિ સ્થિર જ્યાં, સાક્ષર તિર સાક્ષાત;
પદ રજ જ્યાં પારસ મણિ, વંદુ માત ગુજરાત. રમવા. ૭

ગરબી ૮.

ભારત માતા, તુજ તનુનાં સંકટ સૌ સ્નેહે કાપજો;
કરી સુખ શાતા, સ્વરાજ્યનાં સુખડાં શુભ અમને આપજો. ટેક.

સુર મુનિ શિવ વિધિ હરિએ સેવી,
ભૂમિ ભવ્ય નથી ભારત જેવી,
દિલ-દુખ ધર દેશ તણું દેવી. ભારત. ૧

ગુણ ગૌરવ ગૌ રૂપે ત્હારૂં,
પ્રાચિન અર્વાચિન સંભારૂં,
તન મન થર થર કંપે મ્હારૂં. ભારત. ૨
કળિયુગ કર અસિ ધર્મિને મારે,
હાં! હાં! કહી ધર્મ તહીં વારે,
જગ જિવન જગ તુજ આધારે. ભારત. ૩
સતયુગમાં ચારે ચર્ણ વડે,
ત્રેતા ત્રણ, દ્વાપર બે–બગડે,
કળિકાળે એક પગે અકડે. ભારત. ૪
તુંજ પ્રજા પરાધિન રહી રોઈ,
સત્તા મહતા સઘળી ખોઇ,
શૂં? બેઠાં આપ રહ્યાં જોઇ. ભારત. ૫
સત ધર્મનું સંરક્ષણ કહાવો,
ધરી જન્મ ફરી ઝટ અહીં આવો,
કળિમાં સતયુગ જગ વરતાવો. ભારત. ૬
ઓહં—સોહં પદમાં સ્થાપો,
પરતંત્ર તણી બેડી કાપો,
મણિ–સ્વરાજ્ય સુખ શાન્તિ આપો. ભારત. ૭

ગરબી ૯.

અરજ સુણોરે અભયાવરદાતા, ભારત ભૂમિ મુજ માતારે;
શિવ સનકાદિક ઋષિ મુનિ સરવે, સત્યાગ્રહિ ગુણ ગાતારે. અ. ૧
ભારતખંડ નવ ખંડ વિષે જે, ભુષણ રૂપ ભણાતોરે;
કિર્તિ કોટિક રવિસમ ઝળકે, વિશ્વ વિષે વખણાતોરે. અ. ૨

વિદ્યા વિનય વિચાર વણુજમાં; પંડિત કહાવે પૂરોરે;
ધર્મ ધુરંધર પરદુખ ભંજન, સત વાદીને શૂરોરે. અ. ૩
વિજય વાવટો નભ મંડળમાં, ફર ફર ફર ફરકંતોરે;
પિપળ પાન સરીખો આજે, થર થર થર થરકંતોરે. અ. ૪
પરમારથમાં પ્રાણ તણી પણ, લેશ ન કરતો પરવારે;
આજ અહરનિશ અનવિણ ઝુરે, પેટ ન પુરૂ ભરવારે. અ. ૫
સત્ય તણી જ્યાં નોબત બાજત, ઘોર ગગનમાં ગાજેરે;
તુંજ કૃપા વિણ અધિક દિસે ત્યાં, ઘોર અંધારૂં આજેરે. અ. ૬
ભરતખંડ ભલપણુમાં ભોળો, વસૂધામાં વિશ્વાસૂરે;
સહન કરે સંકટ શી રીતે, આંખે આવે આસૂરે. અ. ૭
તુજ તનુ બળિયો પરવશ પડિયો, જયમ પિંજરમાં પોપટરે;
કર સુખશાતા ભારત માતા, નવ તલસાવો ફોકટરે. અ. ૮
દિન જન જાણી દયા દિલ આણી, કષ્ટ સકળદળ કાપોરે;
પરાધિન પિંજરથી કાઢી, સ્વરાજ્ય શુભ મણિ આપોરે અ. ૯

ગરબી ૧૦

આવો આવોને સૈયર આજ, રંગે રમવાને;
સદગુણુના સજી શણગાર, રંગે રમવાને—ટેક
પ્રેમ પટોળીને ચૈતન ચોળી, મતિજળ નિરમળ મંજનરે;
અણિયો ચારૂ ચતુરાઇનો, અનુભવ અનુપમ અંજન. રંગે. ૧
ટેક તણી ટીલડી તગતગતી, કૃપા કરણ ફૂલવારીરે;
સેંથો સુંદિર સમજણ કેરો, દયા દામણી ધારી. રંગે. ૨
વાળી વિઠ્ઠલવરની નાકે, હેત તણા ઊર હારરે;
કળા તણાં કંકણ કર ધારી, વિંછુવા વળી વિચાર. રંગે. ૩

શુધ બુધ કેરાં કડાં સાંકળાં, નેપૂર નૌતમ નેહરે;
સત્‌ના સૌ શણગાર સજંતાં, સુંદિર શોભે દેહ. રંગે. ૪
સત્યાગ્રહિ થૈ સજની રહીએ, સત્‌મતિ ચિતમાં ચહિએરે;
સત્‌માં શાંતિ સત્‌માં સંપતિ, સત્‌માં સંકટ સહીએ. રંગે. ૫
સત્‌માં સતિનું શિયળપણુ છે, સત્ય ધર્મ રહો ધારીરે;
સત્‌માં શક્તિ સત્‌માં ભક્તિ, સત્‌નો જય સુખકારી. રંગે. ૬
સત્‌ને સ્હાય કરે સરવેશ્વર, સત્ય વચન મૂખ ભાખોરે;
સત્ય સ્વરાજ્ય સબળ મણિ–મળશે, સત્‌માં શ્રદ્ધા રાખો. રંગે. ૭

ગરબી ૧૧.

આવોને સખી ગરબે સૌ રમીએ;
વંદન કરી માત ચરણ નમીએ.—ટેક.
સંકટ સહો બ્હેની શિર સાટે,
જપો મંત્ર વાટે ને ઘાટે;
સ્વરાજ્ય હિંદને મળવા માટે.—આવો. ૧
સહ્યાં દુઃખ સિતાએ કેવાં,
તજ્યાં રાજ પાટ ને વન સેવ્યાં.
નથી દુઃખ દીઠાં તમે તેવાં.—આવો. ૨
દમયંતિના દુઃખ તણી કહાણી,
સુણીને આવે નયન વિષે પાણી;
વદતાં થાય બંધ વદન વાણી.—આવો. ૩
સતિ શાણી દ્રૌપદી જે રાણી;
સંકટ સમે ધિરજ મન આણી,
સ્મરણ ત્હેનું સરવ કરે પ્રાણી.—આવો. ૪

કળિકાળે " ગાંધી " ના દેવી;
સંકટ સહ્યાં સત્યાગ્રહ શેવી,
ભારત-મણિ કોટિ બનો એવી.—આવો. ૫

ચૌદરત્ન વસંત તિલકા પ્રભુ પ્રાર્થના.

હે! વિશ્વનાથ વિભુ વિશ્વ વિષે વિહારી,
આ ભર્ત ભૂમિ પ્રભુ છે વિભુતી તમારી;
પામી પરાધિન પણું બહુધા બિચારી,
આપો સ્વરાજ્ય હરિ હિંદનું હીત ધારી.—૧

લક્ષ્મી રૂપે લલિત ભારતિ દિવ્ય દેવી,
વિષ્ણું વિધી શિવ સ્તવે તવ પાદ શેવી;
મોહાંધ દર્પ ધરિને દમતા સુરારી,
આપો સ્વરાજ્ય હરિ હિંદનું હિત ધારી.—૨

કૌસ્તૂભ શૂભ મણિ ભારત ભૂમિ આ-જે,
સ્વાતંત્ર નૂર વિણ તે હિણ તેજ આજે;
ચિંતામણી સમચકીત કરો સુધારી,
આપો સ્વરાજ્ય હરિ હિંદનું હિત ધારી—૩

તૂં પારિજાતિક રૂપે ભ્રમરે ભરેલી,
કિર્તી પરાગ જગમાં સઘળે ઉડેલી;
ચંપાય! તે પગ તળે પ્રભુ લ્યો ઉગારી,
આપો સ્વરાજ્ય હરિ હિંદનું હિત ધારી.—૪

સૂરા રૂપે સરસ મોહક માત મ્હારી,
પીતાં-દનૂજ દળના મદને વિડારી;
કીધી સહાય સુરને સમતા પ્રસારી,
આપો સ્વરાજ્ય હરિ હિંદનું હિત ધારી.—૫
તું વૈદ્ય વારૂ વસૂધા ધનવંતરી છે,
ઔષદ્ધિ સિદ્ધિ વિધિથી તુંજમાં ભરી છે;
વ્યાપ્યો અસાધ્ય તન રોગ પડી બિમારી,
આપો સ્વરાજ્ય હરિ હિંદનું હિત ધારી—૬
જે ચંદ્રમા સરદનો શુભ સ્વચ્છ ભાસે,
ઢંકાએલો ગગન પુર્ણ નહિ પ્રકાશે;
નાંખો દયાબ્ધિ દળ-વાદળને વિખેરી,
આપો સ્વરાજ્ય હરિ હિંદનું હિત ધારી.—૭
આ ગાય રૂપ વસુધા દુખમાં ડુબેલી,
ત્હારા વિના ગરિબનું નથિ કોઇ બેલી;
દેશે સુધા સમ મહા પય લાભકારી,
આપો સ્વરાજ્ય હરિ હિંદનું હિત ધારી.—૮
સુરેન્દ્રનો ગજ ઘણો મદમાં મચેલો,
ઉન્મત્ત મત્ત પણ બંધનમાં પડેલો;
તાર્યો ગજેન્દ્ર જયમ ગ્રાહ થકી મુરારી,
આપો સ્વરાજ્ય હરિ હિંદનું હિત ધારી.—૯
રંભા સ્વરૂપ નિરખી મન મોહ પામી,
આવી વસ્યા સમિપ સૌ દુર દેશ ગ્રામી;

વૃદ્ધા બની દુખ થકી વસુધા બિચારી,
આપો સ્વરાજ્ય હરિ હિંદનું હિત ધારી.— ૧૦
જે અશ્વ સસ મુખનો રવિ યંત્ર હાંકે,
તે શૂં ? અપંગ હમણાં ગતિ ચર્ણ વાંકે;
દેજો દવા દિલ ધરી દિન દુઃખ હારી,
આપો સ્વરાજ્ય હરિ હિંદનું હિત ધારી.— ૧૧
તૂંતો હળાહળ હતૂં નિલકંઠ કંઠે,
વ્યાપ્યું બધા ભવ વિષે મનુ ભાવ વંઠે;
યોગિન્દ્ર રૂપ ધરિને શિવ લ્યો સ્વિકારી.—આપો. ૧૨
સારંગ તૂં હરિધનુષ્ય અભંગ અંગી,
શા ? રંગ આ સર વિના સરભંગિ સંગી;
તુટી ગઇ પણછ કે લિધિ શૂં ? ઉતારી.—આપો. ૧૩
શંખા કૃતી સુભગ ભારત ભૂમિ માતા,
ગંગોદકે પુરિત પાદ પ્રભૂ પુજાતા;
વાગે ! વિભૂ શ્રવણ બ્હેર ગયા છ મારી.—આપો. ૧૪
પીતાં બને અમર અમૃત સૂખ સિન્ધૂ.
આજે અહીં નવ મળે પણ એક બિન્દૂ,
શાન્ત સુધા સમરપો વિભુ શ્રી વિહારી.—આપો. ૧૫
આ ચૌદ રત્ન મય ભારતિ ભાગ્યશાળી,
જાતાં જરૂર બહુ બંધનમાં નિહાળી;
પ્રેમે પ્રશાન્તિ પ્રભુ દ્યો સઘળે પ્રસારી.—આપો. ૧૬

ॐ તત્ સત્ શ્રી કૃષ્ણાર્પણમસ્તુઃ